જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૫/૨૦૧૯ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૮૬/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૧૫૦ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૨ કેસ કરી ૬૨ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૨,૧૨,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૮૭/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૭૮૮/૧૯

**વસ્ત્રાપુરઃ** વિમલભાઇ સર્યકાંતભાઇ પટેલ (ઉ.વ.૪૨)(રહે.બાલાજી એપાર્ટેમેન્ટ નેહરૂપાર્ક વસ્ત્રાપુર) એ તા.૦૫/૦૫/૧૯ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ગૌરવ સ/ઓ અનીલભાઇ ધોતે (રહે.વિધ્યા વિહાર કોલોની, નાવટે પ્લોટ, અમરાવતી, મહારાષ્ટ્ર) તથા તેના પિતા અનિલભાઇ અને તેનો મિત્ર ઉજવલ દશરથ ગુગે નાઓએ ભેગા મળી વિમલભાઇને કેનેડા ખાતે વર્ક પરમીટના વિઝા અપાવવાના બહાને વિશ્વાસમા લઇ, તેમની પાસેથી અલગ-અલગ રીતે કુલ રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- મેળવી લઇ, આજદીન સુધી વિઝા નહી અપાવી તેમજ રૂપિયા પરત નહી આપી વિશ્વાસાધાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.રબારી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.